જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૦૮/૧૮

## બાઇકો ના શોખ પુરા કરવા માટે ચોરી કરતા એક ઇસમને ચોરીની ત્રણ મો.સા સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં વાહન ચોરીના તથા મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી શ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, માધુપુરા આલમપુરાની ચાલી પાસેથી આરોપી સુરેશ ઉર્ફે સુરો S/O હરગોવનભાઇ જાતે પરમાર ઉવ.૧૯ રહે. મ.નં. ૧૯૫, બ્લોક નં.૭, કે.કા.શાસ્ત્રીનગર ઔડાના મકાન, બિગબજાર ની પાછળ, રાયપુર, અમદાવાદ શહેર મુળગામ:- કોલીવાડા, તા. સાંતલપુર, જી.પાટણ નાને ચોરીની પેશન પ્લસમો.સા કિં.રૂ.૨૫,૦૦૦/- સાથે ઝડપી પાડેલ બાદ તપાસ દરમ્યાન આરોપીએ ચોરી કરેલ અન્ય સ્પ્લેન્ડર પ્લસ મો.સા. કિં.રૂ.૩૫,૦૦૦/- તથા યામાહા ફેઝર મો.સા કિં.રૂ.૪૦,૦૦૦/- મળી કુલ્લે ૧,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે લીધેલ છે.

ઉપરોકત આરોપીની પુછપરછ કરતા હાલ પોતે પોતાના કાકાના ઘરે રહે છે અને મજુરી કામ કરે છે અને પોતાન મિત્રો પાસે બાઇકો છે અને પોતાની પાસે ન હોય ચોરી કરીને બાઇકો ફરાવવાનુ નક્કી કરેલ જેથી પોતે જીવરાજ મહેતા હોસ્પીટલ પાસે ડુપ્લીકેટ ચાવીઓ બનાવડાવેલ અને

આજથી છએક મહિના પહેલા વાસણા ધરણીધર મા મજુરી કામે ગયેલ જ્યાં બપોરે ત્રણેક વાગે ધરણીધર બી.આર.ટી.એસ બસસ્ટેન્ડ સામેથી બહાર રોડ ઉપર પાર્ક કરેલ હીરોહોન્ડા પેશન પ્લસ મો.સા ની ચોરી કરેલ

આજથી ચારેક મહિના પહેલા રાત્રિના સમયે વાસણા ધરણીધર સિનિયર સિટીઝન ગાર્ડન સામે એક ફ્લેટના પાર્કિંગમાંથી સ્પ્લેન્ડર પ્લસ મો.સા ચોરી કરેલ અને પોતાના મિત્રને ત્યાં ગીરવે મુકી દીધેલ

આજથી ચારેક મહિના પહેલા મોડી રાત્રિના ચાલતા વાસણા વિસ્તારમાં ગયેલ અને પ્રેરણા દર્શન એપાર્ટમેન્ટમાંથી એક પ્લસર મો.સા ની ચોરી કરેલ અને બે ત્રણ કલાક ફેરવીને વહેલી સવારે જ્યાથી ચોરી કરેલ તે જગ્યાએ પરત મુકી દીધેલ

આજથી દોઢેક મહિના પહેલા સાંજના સમયે વાસણા ધરણીધર વિસ્તારમાં આસીમા ફ્લેટમાંથી એક સુઝુકી ટીવીએસ મેક્ષ મો.સા ની ચોરી કરેલ જે મો.સા મે બે ત્રણ કલાક ફેરવીને રાત્રિના સમયે તે જ જગ્યાએ પરત મુકી દીધેલ અને તેની બાજુમા પાર્ક કરેલ કાળા કલરની પલ્સર મો.સાની ચોરી કરેલ અને બીજે દિવસે વહેલી સવારે પલ્સર મો.સા જયાંથી ચોરી કરેલ ત્યાજ પરત મુકી દીધેલ

આજથી દસબાર દિવસ પહેલા બહેરામપુરા વિજય લક્ષ્મી સોસા પાસે આવેલ હરીઓમ એપાર્ટમેન્ટ માંથી રાત્રિના બારેક વાગે એક યામાહા ફેઝર મો.સા ની ચોરી કરેલ જે મો.સા પોતાના મિત્રને ત્યા ગીરવે મુકી દીધેલ

આજથી દસેક દિવસ પહેલા રાત્રિના સમયે વાસણા ધરણીધર લાવણ્ય સોસાસાટી પાસેથી એક સિલ્વર કલરની એકટીવા ચોરી કરેલ જે એકટીવા પોતાના મિત્રને રાખવા માટે આપેલ છે

આ કામે પકડાયેલ આરોપી વાસણા વિસ્તારમાંથી બાઇકોની ચોરીઓ કરતો હતો અને કેટલીક બાઇકો ફરાવીને શોખ પુરો કરી પાછી મુકી દેતો હતો અને પેશન પ્લસ મો.સા પોતે ઉપયોગ કરતો તથા યામાહા ફેઝર અને સ્પ્લેન્ડર પ્લસ મો.સા પોતાના મિત્રને ત્યા ગીરવે મુકેલ હોય ઉપરોકત ત્રણેય મો.સા કબ્જે લેવામા આવેલ છે આમ મો.સા. ચોરીના કુલ ૩ ગુન્હાઓ ડીટેક્ટ થયેલ છે. આ સિવાય સદરી આરોપીએ અન્ય કોઇ મો.સા ચોરી કરેલ છે કે કેમ તે દિશામા પો.સ.ઇ. શ્રી આઇ.એસ.રબારી નાઓ તપાસ ચલાવી રહેલ છે.

<u>**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સોલા હાઇકોર્ટ પો.સ્ટે.ના ખાતે વિશ્વાસઘાત છેતરપીડીંના ગુનામાં પકડાયેલ દક્ષ જીતેન્દ્રભાઇ પરમાર ઉ.વ.૨૮ રહે,બી/૧૨ સુવાસ એપાર્ટમેન્ટ ગુલાબ ટાવર પાસે સોલા રોડ અમદાવાદ શહેર મુળ વતન ગામ: ધોરાજી પરણી રોડ સબ સ્ટેશન પાસે તા.ધોરાજી જી.રાજકોટ નાનો જામીન મુકત થયેલ હોય જેથી સદરી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૬૪૦/૨૦૧૮ તા.૨૩/૦૭/૨૦૧૮ થી ખાસ જેલ પાલાર ભુજ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને સોલા પો.સ્ટે.ના સીનીયર પો.ઇન્સ. જી.એસ.શ્યાન તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી ડી.એચ.ગઢવી તથા સ્ટાફના માણસોએ આજરોજ તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી કલાક ૧૬/૩૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

ઇગ્લીશદારૂનો ક્વાલીટી કેસ શોધી કાઢવા બાબતે

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબીશન સંબંધીત પ્રવૃતિ જણાઈ આવેથી કાયદેસર કાર્યવાહી કરવાની સુચના મુજબ સેકટર-૧ સાહેબશ્રી તેમજ ઝોન-૧ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'ક' વિભાગ તથા પોલીસ ઇન્સ્પેક્ટર જી.એસ.શ્યાન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ. ડી.આર.ગઢવી તથા તેમની ટીમે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પો.સબ.ઇન્સ. ડી.આર.ગઢવી નાઓની બાતમી હકીકત આધારે આંબલી ફાટક પાસે આવેલ છાપરાઓમાં રહેતો આરોપી અશોક ઉર્ફે ટીનીયો બાબુજી દંતાણીના ઘરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં બાવળની ઝાડી માંથી ઇગ્લીશદારૂની પાર્ટી સ્પેશીયલ ડીલક્ષ વ્હીસ્કીની કુલ બોટલ નંગ-૬૧૦ કિ.રૂ. ૩,૦૫,૦૦૦/-ની કબ્જે કરી આરોપી અશોક ઉર્ફે ટીનીયો બાબુજી દંતાણી તથા તપાસમાં મળી આવે તે તમામ આરોપીઓ વિરુધ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પ્રોહિ ગુ.ર.ન.૫૧૭૩/૧૮ પ્રોહિ કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઈ),૧૧૬બી મુજબનો ગુન્હો રજી. કરી આરોપીઓની શોધખોળ કરતી સોલા હાઈકોર્ટ પોલીસ

**<u>કારંજ પોલીસ સ્ટેશન :</u>**

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-ર સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝનનાઓની સુચનાથી કારંજ પોલીસ ઈન્સપેકટર શ્રી એફ.એમ.નાયબ સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી કારંજ પોલીસ ની સફળ કામગીરી

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-ર સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝનનાઓની સુચનાથી કારંજ પોલીસ ઈન્સપેકટર શ્રી એફ.એમ.નાયબ સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સ.ઈ. એસ.ડી.ચૌધરી તથા હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.નં ૮૮૪૧ તથા પોકો હવનાથસિંહ પ્રતાપસિંહ બ.નં ૯૬૧૪ તથા પો.કો સંકેતસિહ કરણસિંહ બ.નં ૯૫૯૯ તથા પો.કો મુકેશકુમાર રામસંગભાઈ બ.નં ૮૩૫૬ તથા પો.કો નિંકુજભાઈ કેશાભાઈ બ.નં ૬૫૦૪ તથા પો.કો મયુરકુમાર લલીતભાઈ બ.નં ૫૬૬૧ તથા પો.કો મહેન્દ્રસિંહ જયંતીલાલ બ.નં ૧૦૧૧૮ તથા લો.ર. દીવ્યાંગ નરેશભાઈ બ.નં ૧૩૮૨ તથા પો.કો દિનેશભાઈ ગલબાભાઈ બ.નં.૫૭૨૦નાઓ તા.૦૬/૦૮/૨૦૧૮ના રોજ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન કલાક ૧૨/૧૦ વાગ્યે લાલદરવાજા એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ સાંઈબાબા મંદિરની પાસે આવતા એક ઓટોરીક્ષાનો ચાલક શંકાસ્પદ લાગતા રીક્ષા ઉભી રખાવી તેનુ નામઠામ પુછતા મુજ્જફરઅલી ફરઝાન અલી સૈયદ (કાદરી) ઉ.વ. ૪૪ ધંધો રી.ડ્રા. રહે, જાફર રો-હાઉશ મસ્જીદના મકાનમાં ભાડેથી કાસમભાઈ સૈયદની દુકાનની સામે કુતબે આલમ દરગાહ પાસે ગામ વટવા અમદાવાદ શહેરનાને રોકી લઈ તે ઈસમ પોતાના કબ્જામાં રહેલ ઓટો રિક્ષા નં GJ-27-T-7343 જેનો એ.નં 24ZWCE15826 તથા ચે.નં MDZA23AZZCWE10231નો છે જેની કિંમત રુપિયા ૪૦.૦૦૦/- ગણી શકાય તે તથા બીજી ત્રણ ઓટો રિક્ષા પૈકી (૧) GJ-01-BY-9494 તથા (૨) GJ-01-CU-5207 તથા (3) GJ-01-CU-5129 મળી કુલ ચાર ઓટો રિક્ષાની કિ.રૂ,૧,૬૦,૦૦૦/-ની મત્તા સાથે પકડી લઇ (૧) એલીસબ્રીજ પોલીસ સ્ટેશન (૨) ઇસનપુર પોલીસ સ્ટેશન (3) મણીનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઓટો રિક્ષા ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી નાખી આરોપીને મુદ્દામાલ સાથે આજ રોજ તા.૦૬/૦૮/૨૦૧૮ના કલાક ૧૫/30 વાગે CRPC કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :</u>

મે.અધીક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.આર.ચૌધરી સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન તથા જુગારની પ્રવુતી ડામવા સારૂ પો.સ.ઇ જે.એસ.ચંપાવત તથા પો.સ.ઇ પી.કે.દવેરા નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા નારા.મા પેટ્રોલિંગમા ફરતા હતા તે દરમ્યાન કૃષ્ણનગર જી.ડી ત્રણ રસ્તા હનુમાનજીના મંદીર પાસે જાહેર રોડ ઉપર આવતા, બાતમી મળેલ કે એક ટોયોટા ઇટીયોસ કાર નં. GJ-01-KL-6624 ની કેટલોક પરપ્રાંતનો ઇગ્લીશ દારુના જથ્થા સાથે સૈજપુર ટાવર તરફથી આવી શહેર તરફ જનાર છે. જે બાતમી હકીકત આધારે ઉપરોક્ત કારની વોચમા હાજર હતા અને ઉપરોક્ત નંબરવાળી કાર આવતા, તેને રોકવા પ્રયત્ન કરતા, ચાલકે કાર રોકેલ નહી અને કાર ચલાવી ભાગેલ. જેથી સદરી કારનો પિછો કરતા, કાર કુબેરેશ્વર મહાદેવ મંદીર થઇ, ગાયત્રી સોસાયટીના નાકા પાસે આવતા, કાર ચાલકથી પોતાની કારનુ બેલેન્સ ન રહેતા દીવાલ સાથે કાર અથડાવી દીધેલ અને કાર ચાલક કારમાંથી નીચે ઉતરી અંધારાનો લાભ લઇ નાસી ગયેલ અને તેનો પિછો કરેલ પરંતુ પકડાયેલ નહી અને કારમા જોતા ઇંગ્લીશદારૂની ૭૫૦ મીલીની પ્લાસ્ટીકની બોટલો કુલ નંગ :૪૮૦ કિ.રૂ. ૧,૯૨,૦૦૦/- તથા ૧૮૦ મીલીની કાચની બોટલો કુલ નંગ :૧૪૪ કિ.રૂ. ૧૪,૪૦૦/- તથા ટોયોટા ઇટીયોસ કાર કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૪,૦૬,૪૦૦/- નો મુદ્દામાલ કબજે કરેલ છે તથા કાર ચાલક વિરુધ્ધ અત્રેના પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૫૧૮૨/૧૮ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), મુજ્બ ગણનાપાત્ર કેશ નોંધાયેલ છે તથા આગળની તપાસ હાથ ધરેલ છે.તા : ૦૬/૦૮/૨૦૧૮



## <u>વટવા પોલીસ સ્ટેશન :</u>

### <u>જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી સૌરભ તોલંબીયા સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી વી.એમ.જાડેજા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબનાઓએ તા.૦૫/૦૮/૨૦૧૮ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા ચોકકસ બાતમીના આધારે "ગરીબ આવાસ યોજના ચાર માળીયા બ્લોક નં.૪ આગળ સીડી પાસે મીડકો પાછળ પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા (૧) સલીમ મોહંમદ ભાઈ પઠાણ ઉ.વ.૩૫ રહે-જાનીયાપીર નો ટેકરો દરગાહ સામે વટવા અમદાવાદ શહેર +૫=૬ નાઓને તા:૦૫/૦૮/૨૦૧૮ ના કલાક ૨૩/૪૫ વાગે કુલ્લે રોકડા રૂ.૧૬,૪૦૦/- તથા ગંજી પાના નંગ ૫૨ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.તા-૦૬/૦૮/૨૦૧૮

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## ફીલ્મી ઢબે પીછો કરી સ્કોર્પિયો ગાડી સાથે ઈંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ.સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨.શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી.ડી.એચ,ચૌહાણ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર.આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પો.સ.ઈ.એસ.જે.ચૌહાણ. તથા સર્વેલન્સ સ્કોડ.ના પો.કો.ચંદ્રસિંહ લાખુભા બનં-૫૮૮૯ તથા પો.કો.રાજેશભાઈ રમેશભાઈ બનં-૬૭૭૯.તથા પો.કો.દેવાયતભાઈ રાઘાભાઈ બનં-૧૧૮૩૨.તથા પો.કો અતુલભાઈ સુખરામભાઈ બનં-૮૬૦૬. તથા પો.કો.જયદેવસિંહ નાગજીભાઈ બનં-૩૨૪૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પો સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા તા.૦૫/૦૮/૧૮ ના કલાક.૨૩/૦૦ વાગે ઓઢવ રીંગરોડ સર્કલ પાસે આવતા સર્વેલન્સ સ્કોડના પો.કો.ચંદ્રસિંહ લાખુભાં બનં-૫૮૮૯ તથા પો.કો.દેવાયતભાઈ રાઘાભાઈ બનં-૧૧૮૩૨.નાઓને વી.કે.પેટ્રોલપંપ કણભા રોડ તરફથી એક સિલ્વર કલરની સ્કોર્પિયો ગાડી ઓઢવ રીંગરોડ થઈ સોનીની ચાલી તરફ જવાની વિગેરે મુજબની મળેલ બાતમી હકીકત આધારે વી.કે.પેટ્રોલપંપ પાસે વોચમાં હાજર રહ્યા અને થોડીવારે ઉપરોક્ત બાતમી પ્રમાણેની ગાડી કણભા રોડ તરફથી આવતા નજીક આવવા દઈ સદરી ગાડીંને થોભાવવા ઈશારો કરતા તેણે પોતાની ગાડી વેપારી મહામંડળ તરફ ભગાડેલ બાદ વેપારી મંડળના રોડના કટ થઈ કણભા તરફ ફરીથી પોતાની ગાડી ભગાવેલ જેથી અમો અમારી પાસેની ખાનગી ગાડીવડે ઉપરોક્ત સ્કોર્પિયો ગાડીનો ફીલ્મી ઢબે પીછો કરી વી.કે.પેટ્રોલ પંપની સામે કણભા તરફ જતા જાહેર રોડ ઉપર સદર ગાડીનો ચાલાક તથા તેની બાજુમાં બેસેલ ઈસમ રોડ ઉપર મુકી ભાગી ગયેલ જે ગાડીમાં જોતા પાર્ટી સ્પેશયલ ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૨૮૮ જેની કિ.રૂ.૧,૪૪,૦૦૦/- ગણાય તે તથા સિલ્વર કલરની સ્કોર્પિયો ગાડીની કિ.રૂ.૩૦૦૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૪૪૪૦૦૦/- ની મતાનો મુદ્દામાલ પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.અને સદર કેસની હાલમાં તપાસ ચાલુ છે.તા.૦૬/૦૮/૨૦૧૮.

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>**

### ઇસનપુર પોલીસ સ્ટેશન

**<u>પાસા અટકાયતના નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ</u>**

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર પાસાના પેન્ડીંગ રહેલ વોરંટોની બજવણી કરવા માટેની સુચના મળતી હોય સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ નાઓને પાસાના વોરંટવાળા ઇસમને શોધી કાઢવાની સુચના આપતા સર્વેલન્સ સ્કોડ પ્રો.પો.સબ.ઇન્સ તથા સર્વેલન્સ સ્કોડના માણસોએ પાસા અટકાયત ટાળવા નાસતા-ફરતા આરોપી અજય કિશોરભાઇ ઠાકુર રહે,મ.ન ૩૫૬ ઇન્દીરાનગર વિભાગ-૦૧ લાંભાગામ અમદાવાદનો મોબાઇલ નંબર મેળવી તે નંબરની કોલ ડીટેઇલ મંગાવી એનાલીસીસ કરતા જેમા સદરી આરોપીએ અમદાવાદ શહેરમા જે ઇસમોને કોલ કરેલ તેઓને શોધી કાઢી સદર આરોપીની માહીતી મેળવવા માટે તેઓની પુછપરછ કરી વિશ્વાસમા લેવામા આવેલ અને આજરોજ અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો સુરેશકુમાર જીવણભાઇ નાઓને બાતમી હકિકત મળેલ કે પાસા અટકાયતનો નાસતો-ફરતો આરોપી અજય કિશોરભાઇ ઠાકુર રહે,મ.ન ૩૫૬ ઇન્દીરાનગર વિભાગ-૦૧ લાંભાગામ અમદાવાદનાનો હાલમા અમદાવાદમા રહે,૧૪૧ સરયુદાસ મંદિરની સામે કોટની રાંગના છાપરા પ્રેમ દરવાજા પાસે અમદાવાદ ખાતે રહેતા તેના ફોઇ નારાયણીબેન રૂપરામ સોલંકી નાઓના ઘરે તેના કુઆ ગુજરી ગયેલ હોય આવેલો છે જે હકિકત આધારે પોલીસ ઇન્સપેક્ટર એન.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ નાઓએ પ્રેમ દરવાજા કોટની રાંગના છાપરા ખાતેથી પકડી પાડી પાસામા ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા ૦૬/૦૮/૨૦૧૮

**<u>જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :</u>**

**<u>ઇન્ગ્લીશ દારૂનો વેપાર કરતા રીઢા આરોપીને પાસા હેઠળ પકડતી જીઆઇડીસી વટવા પોલીસ</u>**

**મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ મનોજ મોજીલાલ ગુપ્તા ઉવ.૪૫ રહે- મ.નં વી/૨-૨૦ પુષ્પા બંગ્લોઝ ખારાવાલા મેદાન ઈસનપુર અમદાવાદ શહેર નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરૂધ્ધ જીઆઈડીસી વટવા પો.સ્ટે પ્રોહી ગુરનં ૫૧૯૨/૧૮ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૮૧,૧૧૬(બી),૯૮(૨) તથા ડીસીબી પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં ૫૦૪૫/૧૮ ધી પ્રોહી કલોઅમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુનો દાખલ થયેલ હોય. સદરી આરોપપી વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૯૧/૧૮ તા:૦૬/૦૮/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા પ્રો.મ.સ.ઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા એલ.આર રવિકુમાર શાહુભાઈ બ.નં. ૪૨૬૫ નાઓ વોચ કરતા મળી આવતા પકડી લઈ તા:૦૬/૦૮/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી લાજપોર જેલ સુરત ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.**

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"ઓઢવ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "ઓઢવ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.